Seat No. : _______________

# AI-112

**April-2022**

**B.A., Sem.-VI**

**CC-312 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ-1**

**સૂચના :** નીચેના આઠમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો : **14 × 3 = 42**

1. ભાષા પરિવર્તનનાં મહત્ત્વનાં પરિબળો સાથે વિકસેલા ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો સોદાહરણ ખ્યાલ આપો.

2. ટૂંકનોધ લખો :

   (1) ગુજરાતી ભાષામાં પ્રયોજાતા આખ્યાતિક સંજ્ઞાસાધક પરપ્રત્યયો

   (2) નીચેના શબ્દોમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવી તેનું કાર્ય જણાવો. (કોઈપણ **સાત**)

   સચોટ, બિનજરૂરી, વણજોઈતું, ભારતીય, વૈજ્ઞાનિક, રતાશ, અણસમજુ, દયાળુ, ઘડામણ, ઘોડલો

3. સમાસરચના એટલે શું તે જણાવી તેના વિવિધ પ્રકારનો સોદાહરણ ખ્યાલ આપો.

4. ટૂંકનોંધ લખો :

   (1) રવાનુકારી શબ્દો અને દ્વિરુક્ત પ્રયોગ

   (2) ગુજરાતી ભાષાના સંયોજકો, નિપાત અને ઉદ્‌ગાર વાચકો

5. ગુજરાતી ભાષાની વિભક્તિવ્યવસ્થાનો પરિચય આપી 'એ', 'થી', 'મા' અનુગોના કાર્યો જણાવો.

6. ગુજરાતી ભાષાની લિંગવ્યવસ્થાનો પરિચય આપી લિંગભેદે અર્થભેદ સોદાહરણ સ્પષ્ટ કરો.

7. વાક્ય એટલે શું ? તે જણાવી વાક્યના રચનાગત (સાદું, સંયુક્ત આદિ) વાક્યપ્રકારોનો સોદાહરણ પરિચય કરાવો.

8. વાક્યના પ્રયોજનમૂલક પ્રકારોનો સોદાહરણ પરિચય આપો.

## વિભાગ-2

9. નીચેના બહુવિકલ્પ પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો : (કોઈપણ **આઠ**) **8**

(1) નીચેનામાંથી કયો શબ્દ અંગસાધક પ્રત્યય 'અ' લાગવાથી સધાયેલ છે ?

(a) અદેય (b) અનુચિત (c) અપાદાન (d) અફીણ

(2) નીચેનામાંથી કયા દ્વિરુક્ત પ્રયોગમાં અર્થએકમની પુનરાવૃત્તિ છે ?

(a) ગલ્લાંતલ્લાં (b) ઝળહળ (c) રદબાતલ (d) અરધોઅરધ

(3) 'બહારના વરંડામાં દયાળજીભાઈ બેઠા બેઠા ચશ્મા ચડાવીને છાપું વાંચતા હતા.' – વાક્યમાં કયું કૃદન્ત પ્રયોજાયેલ નથી ?

(a) વર્તમાન કૃદન્ત (b) ભૂત કૃદન્ત (c) હેત્વર્થ કૃદન્ત (d) સંબંધક કૃદન્ત

(4) 'પણ ડહકલો નાખવા કોણ જશે ?' – વાક્યનો પ્રકાર જણાવો.

(a) વિધ્યર્થ (b) આજ્ઞાર્થ (c) ઉદ્‌ગારવાચક (d) પ્રશ્નાર્થ

(5) 'સુમોહન ઘરે જ હતો, પણ તેને સામાન લેવા માટે બજાર જવું પડે તેમ હતું' – વાક્યમાં નિપાત ઓળખાવો.

(a) જ (b) પણ (c) માટે (d) તેમ

(6) 'ખાનું ઉઘાડી અંજન પૈડું અને સળિયા, ભમરડો અને જાળ નિખિલરાયને સોંપે છે.' – વાક્યમાં નીચેનામાંથી કયો શબ્દ વ્યક્ત લિંગ ધરાવતો નથી ?

(a) પૈડું (b) સળિયા (c) ભમરડો (d) જાળ

(7) 'વિલીનીકરણનું કાર્ય ખૂબ જ મુશ્કેલ હતું છતાં પણ સરદારે કુનેહપૂર્વક પાર પાડ્યું.' – આ વાક્યનો પ્રકાર જણાવો.

(a) કર્મણિ (b) સાદું (c) સંકુલ (d) આજ્ઞાર્થ

(8) ભૂલીને સાનભાન હોઠે માંડ્યુ. જ્યાં મેં, મનગમતું <u>મધમીઠું</u> વાદળ...' – અધોરેખિત સમાસનો પ્રકાર જણાવો.

(a) દ્વન્દ્વ (b) કર્મધારય (c) ઉપપદ (d) અવ્યયીભાવ

(9) નીચેનામાંથી કયા શબ્દ પોર્ટુગીઝ ભાષામાંથી ગુજરાતી ભાષામાં આવ્યા છે ?

(a) તોપ, તમંચો (b) ચાવી, બાલદી

(c) બોજો, બત્તી (d) વાટાઘાટ, ચળવળ

(10) નીચેનામાંથી વિકારી વિશેષણ ઓળખાવો :

(a) ઉદાર (b) નિર્દોષ (c) ઉત્તમ (d) અનોખું

(11) 'બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાય હરિ ઊભા રહી' – અધોરેખિત વાક્યનો પ્રકાર ઓળખાવો.

(a) કર્તરિ (b) કર્મણિ (c) ભાવે (d) પ્રેરક

(12) નીચેનામાંથી કયા અંગસાધક પ્રત્યય મૂળ અંગમાં 'ખરાબ, નઠારું'નો અર્થ ઉમેરે છે ?

(a) અણ, બે (b) અ, બિન

(c) ક, બદ (d) વણ, ગેર

(13) નીચેનામાંથી કયો ઘટક નામયોગી નથી ?

(a) માત્ર (b) થકી (c) તણું (d) સારુ

(14) 'ડુંગર, વોંકળો, બાવળ, ઓઢવું, ખડકી' વગેરે શબ્દો કયા ભાષા વર્ગના છે ?

(a) દ્રાવિડી (b) મુંડા (c) દેશ્ય (d) તદ્ભવ

(15) નીચેનામાંથી બહુવ્રીહિ સમાસ ઓળખાવો.

(a) હૈયાસગડી (b) પાનખર (c) સુખાંત (d) હાથચાલાકી

(16) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ હંમેશા બહુવચનમાં જ પ્રયોજાય છે ?

(a) અક્કલ (b) અભિનંદન

(c) ઘોડો (d) ભાઈ

---